

શ્રી લાલજીભાઇ
બી. પંચાલ
9427323046

December 24

# જોડકણાં

## શ્રી હાથીપુરા પ્રા.શાળા
## તા- પાટડી
## જિ-સુરેન્દ્રનગર

પ્રાણી-પક્ષીનાં
જોડકણાં





ઊંચો ઊંચો ડુંગર
તેમાં રહે ઉંદર ,
ઉંદર ચૂં... ચૂં... બોલે
શીંગ-ચણા ફોલે.

કાળા કાળા કાગડાભાઇ
કા..કા..કરી ગાતાં ,
ચૌટે ચૌટે ઉડતાં ફરતાં
એઠું-જૂઠું ખાતાં.

ઊંચા ઊંચા ઊંટભાઇ
લાંબી તમારી ડોક ,
અઢાર અંગ વાંકા જોઇને
હસતાં બધાં લોક.

મરઘી પેલી દાણાં ચણતી
બચ્ચાં સાથે ફરતી ,
કેમ ચણવું ક્યારે ભાગવું
બચ્ચાંને શીખવતી.

બકરી પેલી કાળી-ધોળી
બેં બેં કરતી જાય ,
સીમ ખેતરે ચરતી-ફરતી
આલો-પાલો ખાય.

ચકલી પેલી ચીં ચીં કરતી
અરીસામાં જૂએ ,
ટપટપ કરી ચાંચો મારી
અક્કલ એની ખૂએ.

ઉડતી ફરતી કાબર આવે
આંગણે ભેળી થાય ,
કલબલ કરતી ઝઘડે ત્યારે
માથું દુ:ખી જાય.

અમે છીએ પંખીડા
ગાઇએ મીઠાં ગીતડાં ,
કાનને બદલે મીંડા
મૂકીએ અમે ઈંડા.

આભે કાળાં વાદળ જોતાં
મોર રૂપાળો રાચે ,
ઢેલડ સામે જોતો-જોતો
થૈ થૈ કરતો નાચે.

સૌથી પહેલો ઊઠી જાતો
સૂરજનો છડીદાર ,
બોલે ત્યારે ખબર પડે કે
પડી ગયું સવાર.

કાળી કાળી મીંદડીને
બારીમાંથી પેસે ,
ભૈલાનું દૂધ પી જાયને
ગોદડીમાં જઇ બેસે.

ચકીબહેન બેડું લઇને
ભરવાં ચાલ્યાં પાણી ,
ત્યાં તો પેલાં મોરભાઇ
મેઘ લાવ્યાં તાણી.

ચબૂતરામાં દાણાં નાખ્યાં
વાટકીમાં ભર્યું પાણી ,
ચકલી,પોપટ, કાબર,કાગડાં
મોજથી કરે ઉજાણી.

કાળો કાળો કાગડો
માળો બાંધે ઝાડે ,
માળામાં મૂકે ઈંડાં
કોયલ પાળે છીંડાં.

કૂકડો બોલે કૂકડે.. કૂક
સૌથી પહેલાં જાગે ,
બળદ લઇને ખેડૂતભાઇ તો
ખેતર તરફ ભાગે.

સસલું પહેરે સૂટ
વાનર પહેરે બૂટ ,
વાઘ સ્કૂલે જાય
સિંહ મૂળો ખાય.

પહાડ જેવો હાથી
માણસનો છે સાથી ,
સૂંઢ એની મોટી
પૂંછ એની છોટી .

ગામને પાદર વડ
જાડું એનું થડ ,
વડની ઉપર ટેટાં
નીચે બેઠાં ઘેટાં.

ઊન ભરેલું ઘેટું નાનું
લાગે કેવું ભોળું ?
એની સામે જઇ હું બોલું
ઊન આપને ધોળું.

જિરાફની તો ડોક લાંબી
ને ટૂંકા એના કાન ,
ઊંચા ઊંચા ઝાડવા પરથી
તોડી ખાતું પાન.

ગણપતિ બાપા મોરિયા
ઘી માં લાડું ચોળિયા ,
લાડું લાગે મીઠાં
ઊંદરમામા દીઠાં.

કમળ ખીલતું હસતું મોઢે
ફૂઉં ફૂઉં કોયલ ગાય ,
ઝાડે ઝાડે પંખી જાગે
સરવર પાળે નહાય .

ખડિયો લઇને બહેની બેઠી
બાએ આપ્યો ઠપકો ,
કલમ ઝબોળી લખવા ગઇ'તો
પડ્યો મોટો ડબકો .

સાવ નાનો બાબુ
હાથમાં લીધો સાબુ ,
સાબુ લઇને નહાય છે
ધોળો ધોળો થાય છે.

આવ રે વરસાદ
ઘેબરિયો પરસાદ
ઊનીઊની રોટલીને
કારેલાંનું શાક.

આવ રે વરસાદ
નેવલે પાણી
કાગળની હોડી
દેડકે તાણી.

ઘર મારું કેવું રૂપાળું
ગીતો એનાં ગાઉં
પળપળ તેને યાદ કરીને
મુખથી હું હરખાઉં.

છત્રી લઇને ભઇલો ચાલે
ઓઢી લેતો માથે,
ધડ-ધડ કરતાં વાદળ ગરજ્યાં
વીજળી ચમકી સાથે.

જમરૂખ સાથે દાડમ લાવો
લાવો ધરાખ ખાટી
બચુભાઇ તો ભણવા બેઠાં
હાથમાં રાખી પાટી.

ઝબલું પહેરે ભઇલો નાનો
ધીમે ધીમે ખસે;
ગલું આવી ગેલ કરે તો
મીઠું મીઠું હસે.

ઠળીયો એવો કોને ભાવે ?

ભાવે જાબું મીઠાં;

ખાઇ ખાઇને જૂઓ અરીસો

કાળા મુખડાં દીઠા.

ડગલો પહેરી ડોસો નાચે

નાચે ભગલો ભાઇ;

અગલો નાચે, ભગલો નાચે

નાચે ભગલો ભાઇ.

મમ્મી મમ્મી  દરિયો ખારો

દૂર દૂર દેખાય

મમ્મી મમ્મી નદીઓ મીઠી

કેવી મળવા જાય ?

# *વ્યવસાયકારોનાં જોડકણાં*

છાતી ઉપર ભૂંગળી મૂકે
ડૉક્ટર તાવ માપે;
જીભ તપાસે , આંખ તપાસે
પછી દવા આપે.

લાંબી લાકડી ખભે રાખી
ગોવાળ ગાયો ચારે;
પેટ ભરીને ઘાસ ચરાવી
સાંજે પાછો આવે.

ભારે મોટો ઘણનો ઘા,
એરણ માથે પડતો;
લુહાર ટીપે ગરમ લોઢું ,
ખીલા સાંકળી ઘડતો.

સુથારભાઇ લાકડું લઇને,
કરવત વડે કાપે;
ટેબલ ખુરશી કરવા માટે ,
આડું ઊભું માપે.

દરજી મારું શર્ટ સીવેને,
ઉપર બટન ટાંકે;
બે'ના માટે ઘાઘરી સીવે,
ઉપર આભલાં રાખે.

કુંભારની લાકડીએ કેવો
ચાકડો ફરતો જાય;
ફૂંડીફૂંડી મટકા સાથે
દોણાં દોણી થાય.

દાદાજીની દાઢી કરવા
વાળંદ ઘેર આવે;

નાનો બાબો જોયાં કરતો
સાબુ કેમ લગાવે. ?

કડિયો મોટો કારીગરને ,
મકાન મોટા બાંધે;
ઈંટો ઉપર ઈંટો રાખી
સિમેન્ટ વડે એ સાંધે.

ટપાલીનો ટહુકો એવો,
લાગે સહુને મીઠો;
કાનાભાઇને કાગળ દેતો
રસ્તા પર મેં દીઠો.

ખુરશી ટેબલ સ્ટુલ બનાવે,
બારી બારણાં કેવાં ?
કરવત રંધો ખીલા હથોડી,
સુથારને દોસ્તો જેવાં.

ખેતર ખેડે પાણી સીંચે,
મબલખ પકવે પાક;
સઘળાં લોકને જીવાડે,
ખેડૂત જગનો તાત.

ભીની માટીનો પીંડ બાંધી,
ચાકડા ઉપર ચડાવે;
માટલું ગાગર ઘડો કુલડી,
કુંભાર બેસી બનાવે.

## આભાર



સંકલન- શ્રી લાલજીભાઇ બી.પંચાલ.
મ.શિક્ષક

આવી બીજી PDF ફાઇલ જોવા માટે મુલાકાત લો.

My Blog :- laljibhai-panchal.blogspot.in